

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*આંચકી લેવી સત્તા, દિલ્હીમાં ગંદું પ્રદૂષણ છે!*
*કરવી લોકશાહી લાચાર, માંદુ પ્રદૂષણ છે!*
*દુષણ ભર્યું પડ્યું છે વિચારોમાં મુખત્યારીનું -*
*કેજરી સામે ખટપટનું ઊંડું પ્રદૂષણ છે*
*(ઉપરાજયપાલનું અંકુશ ભોંકાયા કરે છે)*

### હાઈકુ

*આવશે 'સિંહા'*
*કેજરીવા સામે -*
*થશે ડણક !!*

*મેળવી લીધો !*
*પ્રદૂષણમાં પણ -*
*નંબર વન !*

### ચિંતન

**ધુત્વાધાયતનનં સ્વશબ્દાત્ ।**

**ઉપરોક્ત સૂત્ર સ્મૃતિગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**જેમને સ્વર્ગ તથા પૃથ્વીના અને બીજા બધાના આધાર કહ્યા છે તે પરમાત્મા જ છે કારણ કે ત્યાં પરમાત્માના પ્રતિનિધિ જેવા આત્મા શબ્દનો પ્રયોગ કરવામાં આવેલ છે.**

**સ્વર્ગ, પૃથ્વી આદિ સમસ્ત બ્રહ્માંડના એક માત્ર આધાર પરબ્રહ્મ પરમાત્મા જ છે એનું સમર્થન કરવા માટે આ સૂત્રની રચના કરવામાં આવી છે. પરમાત્મા સર્વશક્તિમાન અથવા સર્વેશ્વર હોવાથી બ્રહ્માંડના એક માત્ર આઓધાર એ જ હોઈ શકે. એમના સિવાય બીજા કોઈ આધારની કલ્પના પણ ના કરી શકાય. એમની અંદરથી જ ચરાચરનો આર્વિભાવ થાય છે. અને એમના લીધે જ સઘળું ટકે છે તથા પોષણ પામે છે.**

**મુંડક ઉપનિષદમાં કહ્યું છે કે 'જેની અંદર સ્વર્ગ, પૃથ્વી, એમની વચ્ચેનું આકાશ અને પ્રાણની સાથે મન ઓતપ્રોત બનેલું છે. એ જ સૌના આત્મા જેવા પરમાત્માને જાણી લો, એ જ અમૃતના સેતુ છે. એમનો આશ્રય લેવાથી જ અમૃતમય બની શકાય છે.'**

### સુવિચાર

- જે સંબંધોમાં ટૂંકી બુદ્ધિ અને અધુરી સમજણ હોય ત્યાં સંબંધ આઈ.સી.યુ.માં હોય છે - **ચિત્રલેખા**
- અફસોસ નથી પારકા એ સાથ છોડ્યો, અફસોસ એ છે કે
  પોતાનાએ ભરોસો તોડ્યો - **એસ. ભટ્ટાચાર્ય**
- ના થકે કભી પૈર, ના કભી હિમ્મત હારી હૈ...
  જઝબા હૈ પરિવર્તન કા જિંદગી મેં, ઈસલિયે સફર જારી હૈ...!! - **જીવન પાથેય**
- આ ચારનો અર્થ જીવનમાં સમજાય એને ચારે વેદોને જાણવાની જરૂર જ નથી.. આ છે : જવાબદારી, સમજદારી, વફાદારી અને ઈમાનદારી. - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- વાંચેલા જ્ઞાન કરતાં, વેઠેલી પરિસ્થિતિ વધારે શીખવી જાય છે - **બોધિ વૃક્ષ**
- સત્ય ખાલી એમનાં માટે જ કડવું હોય છે જેમને જૂઠ વચ્ચે રહેવાની આદત હોય છે - **બદ્રિનારાયણ**
- આજનું ઔષધ : ચંદન પાઉડરમાં કોથમીર મિક્સ કરી સુંઘવાથી વધારે પડતી છીંકોમાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ખેલદિલીની ખુશી એવી બળકટ હોય છે કે એ હારનો ગમ ભૂલાવી શકે છે. ખરી ખેલદિલી એવા રમતવીરો જ દાખવી શકે છે જેમની વ્યક્તિગત ક્ષમતા હાર-જીતના પરિણામોથી ખૂબ જ ઉપર ઉઠી હોય. જેઓ 'તું નાનો હું મોટો એવો ખ્યાલ જગતનો ખોટો' એ વાતને બરોબર પચાવી ગયા હોય.

૨૦૦૬ની સાલમાં ઓસ્ટ્રેલિયા સામે સાઉથ આફ્રિકાની એક પહાડ જેવી મોટા સ્કોરની વનડે રમાઈ હતી. જેમાં ઓસ્ટ્રેલિયા એ ૪૩૪ રનનો જંગી સ્કોર કરી સાઉથ આફ્રિકાને પડકાર ફેંકેલો.

આ મેચમાં ૧૦૫ દડામાં ૧૬૪ રન કરનાર ઓસ્ટ્રેલિયાના રીકી પોન્ટીંગ અને ૧૧૧ દડામાં ૧૭૫ રન ફટકારનાર સાઉથ આફ્રિકાના હર્ષલ ગીબ્સને સંયુક્ત રીતે 'મેન ઓફ ધી મેચ' જાહેર કરવામાં આવ્યા હતા. હર્ષલ ગીબ્ઝની ધમાકેદાર બેટીંગને કારણે સાઉથ આફ્રિકાએ ૪૩૯ રન કરી મેચ જીતી હતી. આ મેન ઓફ ધી મેચની જાહેરાત પછી તરત જ જાહેર કર્યું હતું કે આ મેચ સાઉથ આફ્રિકા જીત્યું હોવાથી મેન ઓફ ધ મેચનો સાચો હકદાર હર્ષલ ગીબ્ઝ છે. અને પોતે તે મેન ઓફ ધ મેચ સ્વીકારી નહીં શકે. ભલે કેપ્ટન તરીકે પોન્ટીંગ મેચ હારી ગયો, પણ એણે આ ખેલદિલી બતાવીને સાઉથ આફ્રિકામાં જ આફ્રિકનોના દિલ જીતી લીધા હતા.

# હવે, નૈતિક મૂલ્યોની અપેક્ષા કેટલી રાખવી...

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્ર સરકારના ગૃહપ્રધાન પર એમના જ વિભાગ હસ્તક નોકરી કરતા વરિષ્ઠ પોલીસ અધિકારી પરમવીરસિંહ બેફામ બની રોજેરોજ નવા આક્ષેપોનો તોપમારો ચલાવી રહ્યા છે. દેશના સૌથી વધુ ધનિક ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના મહેલનુમા નિવાસ 'એન્ટિલિયા' સામે પાર્ક કરાયેલ સ્કોર્પિયો કાર અને એમાંથી મળી આવેલ ધમકીભરી ચિઠ્ઠી પછીના ઘટનાક્રમથી મહારાષ્ટ્ર સરકારના પગ નીચેથી ધરતી સરકી રહી હોય એવી પરિસ્થિતિ સરજાઈ છે. એન્ટિલિયા કેસની તપાસ કરી રહેલ એન્ટિ ટેરરીસ્ટ સ્ક્વોડ (એટીએસ) ને શંકા છે કે અઠંગ ગુનેગાર પોલીસ અધિકારી સચીન વાઝેએ વિસ્ફોટક ષડયંત્રમાં મનસુખને સામેલ કર્યો હતો. ગોપનીય હકીકત બહાર આવી જવાની શંકાથી વઝેએ એનું ખૂન કરાવ્યું હોવાની પૂરી શક્યતા છે. વઝે જેવા અધિકારીઓને ગૃહપ્રધાનની શૅહ હતી અને તેઓએ મહિને સો કરોડ જેવી માતબર રકમ એકઠી કરી આપવા એને આદેશ કર્યો હતો, એવો આરોપ જયારે ડીજીપી કક્ષાના પોલીસ અધિકારી લગાવતા હોય ત્યારે એ આરોપ ફક્ત ભાજપ પ્રેરિત હોવાનું માની લઈ એમને ગૃહપ્રધાન પદે ચાલુ રાખવાની શરદ પવારની સલાહ કે ઉદ્ધવ સરકારનો નિર્ણય નૈતિક દૃષ્ટિએ યોગ્ય ન જ ગણાય. આરોપ નરાતળ ખોટો જ હોય તો પણ નૈતિક ધોરણે દેશમુખે તપાસમાંથી ચોખ્ખા થઈને બહાર ન આવી જાય ત્યાં સુધી સ્વેચ્છાએ પદ પરથી ખસી જવું જોઈએ. આવાં ઉચ્ચ નૈતિક મૂલ્યો સ્થાપીને ઉદ્ધવ ઠાકરે અને શરદ પવાર એમના મતદારોની નજરમાં મૂઠી ઊંચેરા સાબિત થઈ શક્યા હોત. બેઉ નેતાઓએ આ તક ગુમાવી છે. પવારે તો દેશમુખનો બચાવ કરવાનો જ પ્રયાસ કર્યો છે અને નિર્ણય મુખ્યમંત્રી પર છોડ્યો છે. સૌ જાણે છે કે મહારાષ્ટ્રની મહા અઘાડી સરકારના નેપથ્યના સૂત્રધાર શરદ પવાર જ છે. બની શકે કે પરમવીર સિંહને એમનું ઈચ્છિત પદ નહીં મળવાથી તેઓ સરકાર વિરુદ્ધ જંગે ચડ્યા હોય અને વિપક્ષ ભારતીય જનતા પાર્ટી કે જેનું કેન્દ્રમાં શાસન છે એના ઈશારે એક પછી એક અનર્ગળ આક્ષેપોની ઝડી વરસાવી રહ્યા હોય. પરંતુ હવે જયારે એનઆઈએ અને એટીએસ દ્વારા તપાસ હાથ ધરાઈ છે ત્યારે સત્ય તો બહાર આવવાનું જ છે. હા, એટલું નક્કી કે ગૃહપ્રધાને વઝેને મહિને સો કરોડની 'ખંડણી' જમા કરાવવાનો આદેશ આપેલો કે નહીં એનો કોઈ લેખિત પુરાવો કયારેય મળવાનો નથી. વઝે કદાચ કઠોર યાતનામાંથી બચવા પઢાવેલા પોપટની જેમ તપાસ એજન્સીઓ સમક્ષ ગૃહપ્રધાન વિરુદ્ધ નિવેદન આપે પણ કરો, પરંતુ એના પુરાવા ભાગ્યે જ રજૂ કરી શકશે. પરમવીર સિંહ તો રઘવાયા થઈને સુપ્રીમ કોર્ટના દરવાજે પહોંચી ગયા છે. જો ખરેખર મહારાષ્ટ્ર સરકારમાં આવો ભ્રષ્ટાચાર એમની નજર સમક્ષ ચાલી રહ્યો હતો તો એમને પોતાને મુંબઈ પોલીસ કમિશનર કે ડીજીપીના હોદ્દા પર સિનિયોરિટીના ધોરણે સરકાર નિયુક્ત કરશે એવી આશામાં મોઢું બંધ રાખવાની જરૂર નહોતી. સાચું હોય તો પણ પરમવીરસિંહનું આ પગલું કેન્દ્ર સરકારની રહેમનજર હેઠળનું જ હોઈ શકે એ વિશે શંકાને સ્થાન નથી. આથી પવાર જેવા અઠંગ રાજપુરુષ દેશમુખના બચાવમાં ઊતરવાનું જોખમ ખેડી શક્યા છે. ઉદ્ધવ સરકારને રાજીનામું આપવાની ફરજ પડે એવું કાવતરું યોજાયું હોવાનું અર્થઘટન લોકમાનસમાં ઘૂંટાઈ રહ્યું છે. તેમ છતાં, નૈતિક દૃષ્ટિએ દેશમુખને મંત્રી પદેથી છૂટા કરી તટસ્થ તપાસ કરાવવાનો સંકલ્પ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી કેમ નથી કરી શકતા તે સમજાતું નથી. શું સો કરોડનું ઉઘરાણું છેક સિંહાસન સુધી પહોંચતું હતું? રાજકારણીઓ સત્તા ટકાવવા અને ચૂંટણીઓમાં બેફામ નાણાં વાપરવા માટે આવા કારસા કરતા જ હોય છે, ભલે એ કોઈ પણ પાર્ટીના કેમ ન હોય!

# ....તેમના ચહેરા પર રંગોત્સવના રંગો હૈયાને તરબતર કરી રહ્યા



**નવાં કલેવર**

નટવર હેડાઉ

રંગનો ઉત્સવ હોળી નજીક આવી રહ્યા છે. પણ મોહિતના ચહેરાનો રંગ ફિક્કો પડી ગયો છે. માસ્ક પહેરીને અને સોશિયલ ડિસ્ટન્સ રાખીને હોળી તહેવાર ઉજવવાની વળી તેને ગળે ઉતરતી નથી. મિત્રો વિના કેવી હોળી ને કેવી ધૂળેટી? નિયંત્રણો, દિવસે ને દિવસે વધતાં જ જાય છે. આટલા દિવસ ઓનલાઈન ભણ્યા, માંડ નિશાળ ખુલી તો પેલા હિરણ્ય કશ્યપ જેવો કોરોના ફરી ટપકી પડ્યો. ફાયર પ્રુફ ચૂંદડી ઓઢીને હોલીથી પ્રહલાદને લઈ બેઠેલી તેમજ નિશાળમાં મોંઢે માસ્ક, એકબીજાથી દૂર બેસવાનું અને હાથ ધોળવાના, સેનેટાઈઝરથી રક્ષણ મેળવવાની કોશિશ કરવાની એ બધું કઈ રીતે મેનેજ કરવું.

મોહિતા વિચાર કરતો હતો અને મોબાઈલની રીંગ વાગી.... તેણે ફોન રીસીવ કર્યો. 'હેલ્લો ! મોહિત તું કયં છે. ફોન પણ લાગતો નથી. અરે ! મોહિત, આ વખતે તો અમે સૌ ફ્રેન્ડે મળી ધૂમ મચાવવાનો પ્રોગ્રામ કર્યો છે. ગુલાબ, કેશુંડાનો રંગદ અને....' મોહિતી બોલી.

'બસ, હવે, તું મને વધારે દુઃખી ના કર, મને ખબર છે આ વખતે આપણે રંગ રમી શકવાના નથી?' મોહિત માંડ માંડ બોલ્યો.

'એવું કોણે કહ્યું ? અમે સરસ પ્લાન કર્ય છે. ગામડે નાનીને ઘરે જઈ હોળીનો તહેવાર ઉજવીશું. બહુ મજા પડશે.' મોહિની ખુબ ઉત્સાહથી બોલી રહી હતી.

'પણ એ પહેલાં લોકડાઉન આવી ગયું તો ?' મોહિતે પોતાની મૂંઝવણ રજૂ કરી.

'જે થયું નથી એની ચિંતા શું કામ કરે છે. મારા પપ્પા આપણને ગામડે મૂકી જશે.' મોહિની બોલી.

'યાર, મને તો લાગે છે કે હોળીનો તહેવાર પણ આપણે ઓનલાઈન ઉજવવો પડશે.' મોહિત બોલ્યો.

'તારો આ આઈડિયા સારો છે, હું મારું લેપટોપ લઈ લઈશ. મોબાઈલ તો બધા પાસે છે જ...'

'તેનાથી શું થશે ? હતાં ત્યાં ને ત્યાં' મોહિતે નિરાશ વદને કહ્યું.

'બી પોઝીટીવ.'

'વળી પોઝીટીવ કોણ આવ્યું ?' મોહિતને ફાળ પડી.

'હું તને કહું છું.' મોહિની બોલી.

'પણ મને તો કંઈ થતું જ નથી. વળી મં તો ટેસ્ટ પર કરાવ્યો નથી.' મોહિતની આંખોમાં ડર તરવરવા લાગ્યો.

'અરે ? હું કોરોના પોઝીટીવની વાત નથી કરતી. તું જરા સારું સકારાત્મક વિચાર એમ કહું છું.' મોહિતી બોલી.

'આજકાલ સાલ્લુ કોઈ પોઝીટીવ બોલે તો પણ ગભરામણ થઈ જાય છે.' આટલું બોલતાં મોહિતની આંખો ચકળવકળ થવા લાગી.

'સારું, તો મમ્મી પપ્પાને પુછી કાલે તૈયાર રહેજે. મામાની વાડી પર કૂવો છે. કેશુડાં એટલે કે ખાંખરાનાં વૃક્ષો પણ છે. ખૂબ રંગે રમીશું, મોજ મજા કરીશું અને તેને ગૂગલ મીટ પર મિત્રોમાં શૅર કરીશું, ફૅસબુક પર વીડિયો મુકીશું. મજા પડી જશે.' મોહિની બોલી.

'ખરેખર.'

'હાં, હવે તારો મૂક જરા સરખો થાય તો મારે તારી સાથે સેલ્ફી લેવી છે.'

'ઓ.કે. મોહિત હસી રડ્યો. 'પણ તું કયાં છે?' 'તારી સામે' મોહિતએ મોબાઈલથી બંનેની સેલ્ફી લીધી. તે બારણાં બહાર સંતાઈને જ ફોન કરી રહી હતી.

ઉંમગ, અને ઉત્સાહ છલકતા તેમના ચહેરા પર રંગોત્સવના રંગો હૈયાને તરબતર કરી રહ્યા.

દૂર ગીત વાગતું હતું, 'રંગ બરસે ભીને ચુનરવાલી રંગ બરસે...'

# કોઈને ઉપકૃત કરવાની તક જીવનમાં વારંવાર આવતી નથી



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

સન ૧૯૭૩માં રજૂઆત પામેલી, પ્રકાશ મહેરાની એક મહત્વપૂર્ણ ફિલ્મ હતી 'જંજીરહ્વ એ ફિલ્મ અમિતાભ બચ્ચનની કારકિર્દી માટે પણ મહત્વની સાબિત થઈ હતી. એ ફિલ્મનાં એક ગીતનું સ્ટુડિયોમાં રેકોર્ડીંગ થઈ રહ્યું હતું. એ ગીતનાં સંગીતકાર હતા કલ્યાણજી – આણંદજી, પાશ્વગાયન મુહમ્મદ રફી અને લતાજીનું. એ ગીત હતું ''દીવાને હૈ દીવાનેકો ના ઘર ચાહીએ.''

તે દિવસે એ ગીતનાં રેકોર્ડીંગમાં કોઈને કોઈ કારણસર વારંવાર રિટેક થતાં હતા. લગભગ પાંચેક વખત રિટેક થયા ત્યાં સુધી તો ચાલ્યું પણ પછી રફી સાહેબ થોડા અકળાયા. એ મહિનો રમજાન મહિનો હતો. એ દિવસે રફી સાહેબે રોજા પાડયો હતો એટલે સ્વભાવિક છે કે પાંચ-પાંચ રિટેક પછી તેમની એનર્જી પણ ઓછી થઈ ગઈ હોય, સંગીતકાર બેલડી કલ્યાણજી – આણંદજીની વિનંતીથી ગીતનાં રેકોર્ડીંગના એક વધુ ટેક માટે રફી સાહેબ સંમત થયા. એક વધુ ટેક લઈ ગીત રેકોર્ડ કર્યું. કલ્યાણજી ભાઈએ ગીત સંભાળ્યું. રફી સાહેબે તેમને પૂછ્યું તો કહ્યું કે ટેક ઓકે છે. સંગીતકાર પાસેથી ટેક ઓકે છે સાંભળીને રફી સાહેબે હાશકારો અનુભવ્યો અને ઘેર જવા માટે તૈયારી કરવા લાગ્યા. સૌ સંગીતકારો પણ સ્ટુડિઓમાં વિખરાવા લાગ્યા.

એ સમય દરમ્યાન લતાજી અને આણંદજીભાઈએ છેલ્લો ટેક સાંભળ્યો પણ લતાજીને ખાસ મજા ન આવી. લતાજીએ વધારે એક ટેક લેવાની ઈચ્છા દર્શાવી. કલ્યાણજીભાઈ ફરી પાછા રફી સાહેબ પાસે આવ્યા અને એક વધારે ટેક આપવાની વિનંતી કરી.

કલ્યાણજીભાઈની વિનંતી સાંભળીને રફી સાહેબ વિફર્યા. ''હમણાં કહ્યું કે ટેક ઓકે છે અને હવે ફરી પાછું... શું મજાક આદરી છે?'' આટલું કહીને તેઓ ઘેર જવા માટે સ્ટુડિઓની બહાર નીકળી ગયા. કલ્યાણજીભાઈની હાલત કફોડી થઈ ગઈ.

એ સમયે એ ગીતનાં ગીતકાર ગુલશન બાવરા ત્યાં ઉપસ્થિત હતા. તેમણે કલ્યાણજીભાઈને ધરપત આપતા કહ્યું કે હું પોતે જઈને રફીસાહેબને અંગત વિનંતી કરું છું. તે દોડતા સ્ટુડિઓ બહાર ગયા, એ સમયે રફીસાહેબ પોતાની કારમાં બેસી ગયા હતા. બાવરાજી રફી સાહેબ પાસે ગયા અને તેમણે સૌ વતી રફીસાહેબની માંફી માંગી. તેમણે વિનંતી કરી કે સાહેબ, આપને ખબર છે આ ગીત કોના ઉપર પીકચરાઈઝ થવાનું છે? પ્લીઝ, એક વધારે ટેક આપો એવી મારી અંગત વિનંતી છે. રફી સાહેબે ગુસ્સે થઈને પૂછ્યું કે કોના ઉપર પીકચરાઈઝ થવાનું છે? દિલિપકુમાર ઉપર? તો શું થઈ ગયું?''

ગુલશન બાવરાજીએ નમ્રતાથી કહ્યું કે ''સાહેબ , આ ગીત આપના નાચીઝ, આ ગુલશન ઉપર પીકચરાઈઝ થવાનું છે. આ ફિલ્મ મારી કારકિર્દી માટે ખૂબ જ મહત્વની છે. એટલે આપને મારી અંગત વિનંતી છેકે મારા માટે એક વધારે ટેક આપો.''

રફી સાહેબે કોમળ હદયનાં હતા. તેઓ તરત જ પીગળી ગયા. સ્ટુડિઓમાં પરત આવ્યા. વિખરાયેલા સૌ સંગીતકારોને પોતે સાદ પાડીને એકઠા કર્યા અને કહ્યું ''ચાલો, ગુલશન માટે એક વધારે ટેક.''

ત્યાર પછી પણ એ ગીતનાં રેકોર્ડીંગનાં ત્રણ ટેક થયા જે રફી સાહેબ ખૂબ જ સ્વસ્થ રીતે આપ્યા. જ્યાં સુધી ગીત ઓકે ન થયું ત્યાં સુધી રફી સાહેબે પોતાનું માઈક ન છોડયું. રેકોર્ડીંગ પૂરું થયા પછી રફી સાહેબે બાવરાજીને કહ્યું ''એય ગુલશન, યે તુમ્હારે લીએ.''

બાવરાજીની વિનંતી પછી જ્યારે રફી સાહેબને ખબર પડી કે પડદા ઉપર આ ગીત બાવરાજી ગાવાના છે તો તેમણે પોતાનાં આવાજમાં પણ થોડો ફેરફાર પણ કર્યો અને બાવરાજીનાં ચહેરાને અનુરૂપ અવાજ કાઢવાનો પ્રયત્ન કર્યો. એ ગીત બાવરાજીની કારકિર્દી માટે પણ ખૂબ જ મહત્વનુ સાબીત થયું.

રફી સાહેબે ધુરંધર સંગીતકાર બેલડી કલ્યાણજી – આણંદજીને વધારે રિટેક આપવાની બેધડક ના કહી દીધી પણ ગુલશન બાવરા જેવા ગીતકાર અને નાના કલાકારને ખાતર, તેમની સાથેનાં સંબંધોને ખાતર ખાસ વધારે પ્રયત્નો કરીને તેમના માટે રિટેક આપ્યા. આ પ્રસંગને વર્ણવતા ગુલશન બાવરાએ એક ઈન્ટરવ્યુમાં ભાવુક થઈ કહ્યું કે મારા જેવા એક નાના કલાકાર માટે રફી સાહેબનો આ પ્રકારનો વ્યવહાર એક ઉમદા વ્યવહાર હતો જે જિંદગીમાં હું ક્યારેય ભૂલી શકું એમ નથી.

ઘણીવાર એવું બનતું હોય છે કે આપણે આપણાં કેટલાક સ્નેહી-સંબંધીઓને સામાજીક દ્રષ્ટીએ, તેમની ઉમરની દ્રષ્ટીએ, તેમનાં અનુભવની દ્રષ્ટી અને તેમનાં માન અને મોભાની દ્રષ્ટીએ તેઓને આપણાંથી ઉતરતા ગણાતા હોઈએ છીએ. આપણે ભલે તેમણે આપણાથી ઉતરતા ગણાતા હોઈએ પણ એ લોકો આપણને માન-સન્માનથી જોતાં હોય છે. આપણને તેઓ પોતાનાથી ચડિયાતા ગણતા હોય તેઓ ક્યારેક ક્યારેક આપણી પાસેથી નાની-મોટી અપેક્ષાઓ રાખતા હોય છે. તેઓની અપેક્ષાઓ પૂરી કરવા માટે આપણને બહુ મુશ્કેલીઓ નથી પડતી હોતી પણ એ અપેક્ષા પૂરી થવાથી તેમનાં જીવનમાં બહુ મોટો ફર્ક પડતો હોય છે. એ અપેક્ષાઓ અંગત જીવન લક્ષી પણ હોય શકે, સામાજીક પણ હોય શકે અને વ્યવસાયીક પણ હોય શકે. આવા લોકોની નાની-મોટી અપેક્ષાઓ પ્રત્યે આપણે થોડું અંગત ધ્યાન દઈએ, થોડો અંગત રસ લઈએ, ક્યારેક થોડી મુશ્કેલી વેઠીને પણ જો તેમની અપેક્ષા પૂર્ણ કરીએ તો તેઓ જીવનભર આપણાં પ્રશંશક બની જતાં હોય છે, આપણાં પોતાનાં બની જતાં હોય છે.

કોઈની નાની-મોટી અપેક્ષાઓ પૂરી કરીને, તેમનાં જીવનમાં બહુ હકારાત્મક ફેરફાર કરીને કોઈને ઉપકૃત કરવાની તકો આપણા જીવનમાં વારંવાર નથી આવતી હોતી. જ્યારે પણ આપણાં જીવનમાં આ પ્રકારની તક આવે ત્યારે એ તકને ઓળખી લઈએ, એ તકને ઝડપી લઈએ અને તેમને મદદરૂપ બનીએ અને તેમાં જીવનમાં હકારાત્મક બદલાવનાં ભાગીદાર બનીએ.

# કપળા કાળની બીજી નવલકથા 'કાલપાશ'



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

કોરોનાના કપળા કાળમાં જેમ કેશુભાઈ દેસાઈએ : કોરોના કાંડ'' નવલકથા લખી તેમ નગરના બીજા નવલકથાકાર શ્રી મોહનભાઈએ '' કાળપાશ'' નામની નવલકથા લખી છે. બંનેનો વિષય એક જ છે, કોરોના. શ્રી કેશુભાઈએ બે બાળપ્રેમીઓના મિલનપ્રસંગે લેખકે લોકડાઉન એક, બે અને ત્રણ દરમ્યાન કોરોનાની જે વિભિષિકા ભાળી અને તેના તેમના હૃદયમાં જે પ્રત્યાઘાત પડ્યા એમાંથી અંકુરીત થયેલી આ રામકહાણી છે. વારતા ટૂંકમાં કંઈક આવી છે.

નવલકથા પ્રથમ પુરુષ એકવચનમાં કહેવાઈ છે. કોઈને તેના કારણે આત્મકથા જેવું લાગે પણ તેવું નથી. કથક(નીતિન) માતાપિતા, પત્નિ અને સંતાનો સાથે રહે છે. સરકારી અધિકારી છે. એકાએક જાહેર થયેલા લોકડાઉનના કારણે ઘરમાં રહેવાનું થયું છે. ઘરની બહાર નીકળી શકાતું નથી પણ કમ્પાઉંડમાં ઊભા ઊભા પાડોશીઓ સાથે વાતચીત કરી શકાય છે. સ્વાભાવિક છે કે વાતોનો મુખ્ય વિષય કોરોના જ હોય. કોરોના કેવી રીતે આખા દેશમાં પ્રસરી રહ્યો છે અને એમની સોસાયટીની નજીક આવી ગયો છે તેની વાતો થતી રહે છે. આપણે શું શું કરવું જોઈએ અને સરકારે કેવા પગલાં લેવાં જોઈએ તેવી વાતો થતી રહે છે. આ બધી વાતોથી કોરોનાનો સમય આપણી સમક્ષ પ્રત્યક્ષ થાય છે. બહેનો આવી રીતે એકઠી થાય તો રાંધણપુરાણ ચલાવે છે.

પત્નિ અજલિ કામવાળી આવતી નહીં હોવાથી ઘરના કામકાજમાં ડૂબેલી રહે છે. એને પણ કોરોનાનો ભય રહે છે એટલે નાછૂટકે કથક નીતિનભાઈ સાથે સોશ્યલ ડિસ્ટંસ જાળવે છે. માતા કમળાબા કામ સાથે કામની વૃત્તિવાળા છે. તેઓ કોઈની વાતોમાં ખાસ માથું મારતા નથી. પિતા અવિનાશભાઈ શિસ્તના ખુબ આગ્રહી છે. કામ વગર કોઈને બહાર જવા દેવા માંગતા નથી. કોઈ કારણોસર બહાર જવું પડે તો પાછા આવે ત્યારે ફરજીયાત નહાવડાવે છે. કોઈ બહારથી આવે તો તરત સેનેટાઈઝર વડે હાથ સાફ કરાવે છે. મોઢે માસ્ક બાંધ્યા વગર કોઈને બહાર જવા દેતા નથી. એમની રજા સિવાય કોઈ જાય તો તેમને ગમતું નથી. આમ પિતાજી હિંમ્મતવાળા છે પણ કોરોનાના ડરે, ખરેખર તો એમના કુટુંબ પ્રેમે એમને સહેજ ડરપોક બનાવી દીધા હોય એવું બધાંને લાગે છે. બાળકો ડાહ્યા અને સમજદાર છે. કયાંય એમના તોફાનની કે જીદની વાત આવતી નથી. પાડોશીઓ એકબીજાની દેખરેખ રાખે છે અને જરુર પડ્યે મદદરુપ પણ થાય છે.

એક વાર લેખકની તબિયત નરમ થઈ જાય છે. સહેજ તાવ પણ આવે છે. પિતાજી એમને તાત્કાલિક પોતાના મિત્ર ડોક્ટર પાસે લઈ જાય છે. કોરોનાના કોઈ લક્ષણ જણાતા નથી એટલે બધાંને હાશ થાય છે. પિતાજીના મિત્રડોક્ટર પાસેથી પિતાજીની ઉદારતાની વાતો સાંભળી લેખકનો તેમની પ્રત્યેનો અહોભાવ વધી જાય છે.

ત્રીજા લોકડાઉન દરમ્યાન નીતિનના સાળાની પત્નિનું શ્રીમંત આવે છે. બહુ વરસે રુડો અવસર આવ્યો છે પણ લેખક જવાની હિંમત કરી શકતા નથી. પત્નિને એકલાં મોકલી દે છે. નવનીતલાલના મામાના દીકરાનું કોરોનામાં અવસાન થતાં તેમને સ્મશાનમાં જવું પડે છે. એ પછી સાળીના સસરાનું અવસાન થતાં ત્યાં પણ જવું પડે છે.

પ્રકરણ-૧૭ માં સફાઈ કર્મચારી વેલજીભાઈની વાત આવે છે. નીતિનભાઈના પિતા એમને સફાઈ કામ કરવા માટે સો રુપિયા આપે છે. (આવી રીતે એમણે અનેક જરુરતમંદોને મદદ કરી છે.) વેલજીભાઈની એક વાત લેખકને અવાક કરી દે છે.

'' દાદા, અમને કશું ના થાય. કોરોનાને ને અમારે છટ્ઠા બારમું. એની તાકાત નથી કે અમારી પાસે ફરકી શકે. ''

'' હા, પણ.....''

'' ને સાચું કહું, આ કોરોના આવ્યો તે સારું થયું, લોકોને ભાન કરાવ્યું કે આભડછેટ શી ચીજ છે ! અમારાથી ચાર ફૂટ દૂર રહેતા હતા,ભૂલેચૂકે અડી જઈએ તો ગાળો બોલતા હતા, હવે બધાય માંહ્યોમાંહ્ય અભડાવા લાગ્યા છે. આ બધું જોઈને તો અમે રાજી થઈએ છીએ.''

આ વાત સાંભળીને લેખક વિચારમાં પડી જાય છે. પણ, તે દિવસથી બાપુજી હળવાફૂલ થઈ ગયા. બધાંની સાથે હસી મજાક શરુ કરી દીધી. એમની વાતો સાંભળીને કોરોના આવ્યો હોય તોયે જતો રહે. કોરોનાના કારણે એમની ઈશ્વરમાંથી શ્રધ્ધા ઊઠી ગયેલી એ આ વાત પછી પુનઃ જાગ્રત થઈ. કોરોનાથી થતાં બેસુમાર મરણોથી તેઓ વિચલિત થઈ ગયેલા પણ હવે એમને ઈશ્વર સમક્ષ કરવામાં આવતા દીવાની જ્યોતમાં સાંત્વન પ્રાપ્ત થાય છે.

એક દિવસ પિતાજી તેમની અંગત ડાયરી અને ચાંલ્લાની નોટો નીતિનને બતાવે છે. તેમણે કોનેકોને આર્થિક મદદ કરેલી અને કેટલા ચાંલ્લા કરેલા તેની વિગતો બતાવે છે. પોતે ના હોય ત્યારે કોઈની પાસે પઠાણી ઉઘરાણી નહીં કરવી તેવું પણ સ્પષ્ટ જણાવે છે. લેખકને સમજાતું નથી કે બાપુજી આ બધું મને શા માટે દર્શાવી રહ્યા છે !

એક દિવસ પિતાજી બપોરથી જ ગંભીર હતા.સાંજે હિંચકો ખાતા ખાતા એકાએક અટકી જઈ ઘરમાં જઈ કપડા પહેરી '' હું આવું છું'' એમ કહી બહાર જાય છે. લેખક સાથે જવા તૈયાર થાય છે પણ તેનો ઈંકાર કરી જતા રહે છે. તેમના મિત્ર સુધાકરકાકા ડોક્ટર છે. તેમની તપાસમાં કોરોનાનું નિદાન થાય છે. હોસ્પિટલમાં દાખલ થઈ જાય છે. ઘણા પ્રયત્ન છતાં લેખક મળી શકતા નથી. તબિયત ખુબ સારી છે અને કાંઈ ચિંતાનું કોઈ કારણ નથી. એવું સુધાકરકાકા કહે છે. અચાનક ડોક્ટરનો ફોન આવે છે કે અવિનાશભાઈ ગુજરી ગયા છે. લેખક માતા સાથે તાત્કાલિક હોસ્પિટલ પહોંચે છે પણ મૃત પિતાનું મુખ ભાળી શકતા નથી. બહુ કરુણ અંત છે.

નવલકથામાં લેખકે ઈશ્વર સાથેની મુલાકાતનો અજબનો પ્રસંગ ઊભો કર્યો છે. પ્રભુ તેમને જુદા જુદા ઘરોમાં કોરોનાએ કેવો કાળો કેર મચાવ્યો છે તેનું વાસ્તવિક દર્શન કરાવે છે. બીજી જગ્યાએ યમરાજા સાથે પણ મુલાકાત કરાવી છે. લોકડાઉનના અમલ દરમ્યાન પાડોશીઓ પોતાના મકાનના કમ્પાઉંડમાં ઊભા ઊભા એકબીજા સાથે વાતો કરતા હોવાના ઘણા પ્રસંગો આલેખાયા છે. એક વાર નવનીતલાલ કહે છે.

''સમય જતાં કોરોના જશે ખરો... પણ નાબૂદ નહીં થાય. તમે જોજો જેમ કેંસરની, ડાયાબીટીસની, ટી.બી.ની હોસ્પિટલો છે, તેમ કોરોનાની જુદી હોસ્પિટિલો હશે. ડોક્ટરી લાઈનમાં કોરોના વાઈરસનો જુદો અભ્યાસ શરુ થશે. જેમ અનેક દર્દોના સ્પેશ્યલ ડૉક્ટર છે, તેમ કોરોનાના સ્પેશ્યલ ડોક્ટર હશે. પ્રાઈવેટ દવાખાના પર કોરોના સ્પેશ્યાલીસ્ટ એવાં બૉર્ડ ઝૂલતાં હશે. ભવિષ્યમાં આવું બને પણ ખરું.''

અત્યારે કોરોનાએ જે રીતે ઉલટો માર્યો છે. તે જોતાં લેખકની આશંકા સાચી પડે તો નવાઈ નહીં.. છતાં આપણે પ્રાર્થના કરીએ કે ઈશ્વર કોરોનાને નાબૂદ કરે.

આવી સરસ નવલકથા આપવા માટે શ્રી મોહનભાઈને અભિનંદન.